ફેબ્રુઆરી-૨૦૧૬, અંક નં. ૬

ઈ-ન્યુઝલેટર



# સ્માર્ટ રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેકસ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮



## જીત્યું રાજકોટ

### રાજકોટ મહાનગરપાલિકા અને પોલીસ શહેર દ્વારા તા.૨૪-૧-૨૦૧૬ના રોજ સંયુકત આયોજન

## રાજકોટમાં ઐતિહાસિક હાફ મેરેથોન

અકલ્પય અદભૂત, અભૂતપૂર્વ ... રવિવાર સવારનું જે દ્રશ્ય રાજકોટનું હતું તેનું વર્ણન કરવા કદાચ નવો શબ્દકોષ બનાવવો પડશે. ઐતિહાસિક હાફ મેરેથોનમાં હજારો લોકો દોડયા. અરે ! એમ કહો કે આખું રાજકોટ દોડયું. બાળકો દોડયા, અશકત હતા એ પણ દોડયા, દિવ્યાંગો પણ દોડયા. રેસકોર્ષના મેદાનમાંથી સવારે કડકડતી ઠંડીમાં હજારો માણસોએ ગગનભેદી હર્ષનાદો સાથે વિવિધ રૂટ ઉપર દોટ મૂકી ત્યારે અભૂતપૂર્વ ભવ્ય દ્રશ્યો સર્જાયા. આ બધા દોડયા સ્વસ્થ રાજકોટ માટે તંદુરસ્ત રાજકોટ માટે, સ્વચ્છ રાજકોટ માટે, સ્માર્ટ રાજકોટ માટે, ચેતનવંતા રાજકોટ માટે, ખેલદિલ ભર્યા રાજકોટ માટે, તાજગીભર્યા પોઝિટિવ રાજકોટ માટે અને આ હજારો દોડવીરોને વધાવવા માટે હાફ મેરેથોનના રૂટ ઉપર લાખો રાજકોટવાસીઓ ઉમટી પડયા હતા. આ હાફ મેરેથોન ખરા અર્થમાં રાજકોટોત્સવ બની ગઈ. એક એક નાગરિક એક યા બીજી રીતે તેમાં સહભાગી થયા. એટલા માટે આ દોડ રાજકોટની હતી. રાજકોટ પ્રત્યેના પોતીકાપણાની લાગણી દરેક રાજકોટવાસીએ અભિવ્યકત કરી. દરેકના મનમાં એક જ ભાવના હતી કે, આ દોડ 'મારા રાજકોટ' માટે છે. આ દોડ થકી મારા રાજકોટના ઈતિહાસમાં એક નવું સુવર્ણ પૃષ્ઠ ઉમેરાવાનું છે અને રાજકોટવાસીઓની એ ભાવના ફળી. ઐતિહાસિક હાફ મેરેથોને વાસ્તવમાં ઈતિહાસ રચ્યો. દોડયું રાજકોટ, જીત્યું રાજકોટ.

રાજકોટમાં રવિવારની સવાર એક અલગ જ ઉત્સાહના સૂર્યોદય સાથે ખીલી હતી. ઉમંગના ઘોડાપૂર સાથે હજારો નાગરિકોએ શહેરના વિકાસના સ્વપ્નો મૂઠ્ઠીમાં લઈને મેરેથોન દોડ લગાવી હતી. રાજકોટવાસીઓ માટે આ પહેલો અવસર હતો. ૨૧ કિ.મી.ની હાફ મેરેથોન દોડના વિજેતા કેનેડા સીમોન ક્રિપ્લોગેટ એ માત્ર ૬૩ મિનિટમાં જ રેસ પૂરી કરી નાખી હતી.

પુરુષની કેટેગરીમાં પ્રથમ ૧૦ વિજેતાઓમાં કેન્યા - ઈથોપીયાના ૭ દોડવીરો મેદાન મારી ગયા હતા. સ્થળ પર થયેલો નોંધ મુજબ રજિસ્ટર્ડ સ્પર્ધકો ઉપરાંત પણ અંદાજે ૮ થી ૧૦ હજાર દોડવીરો વધારાના દોડયા હતા. મેરેથોન ટ્રેક પર અંદાજે ૫૦ હજારથી વધુની જનમેદની દોડી હોવાનો અંદાજ મ્યુનિ. કમિશનર વિજય નેહરાએ વ્યકત કર્યો છે.

### રાજકોટમાં મળ્યું તેવું ચિયર અપ કયાંય ન જોયું : કેન્યાના વિનર્સનો મત

કેન્યા-ઈથોપિયાથી આવેલા એથ્લેટના ગ્રુપે રાજકોટ આ પ્રથમ દોડને રીતસર સલામ કરીને બિરદાવી હતી. ૨૧ કી.મી.માં પ્રથમ વિજેતા સીમોન ક્રિપ્લોગેટ નામના એથ્લેટ કહ્યું હતું કે, મેં મારી અત્યાર સુધીની લાઈફમાં અનેક મેરેથોન દોડમાં ભાગ લીધો છે પણ રાજકોટમાં બકઅપ કરાવવા માટે જે ચિયર્સઅપ મળ્યું છે એવું કયાય મળ્યું નથી. ટ્રેકની બન્ને બાજુ ઉભેલા હજારો દર્શકો તરફથી મળેલા ચિયસઅપના કારણે મને દરેક ડગલે જોમ-જુસ્સો મળતો રહયો. ભવિષ્યમાં પણ હું રાજકોટના કાર્યક્રમમાં ભાગ લઈશ.

### ગ્રુપ સ્પર્ધામાં "એથ્લેટ ઈકો રાજકોટ" મેદાન મારી ગયું.

મેરેથોન દોડની અલગ અલગ કેટેગરી પૈકી એક ગ્રુપ સ્પર્ધામાં રાજકોટના સ્થાનિક રહેવાસીઓના એથ્લેટ ઈકો રાજકોટ નામના ગ્રુપે આ કેટેગરીમાં રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. કુલ ૫૧ સભ્યોનું ગ્રુપ ૨૧ કિ.મી.ની દોડ સૌપ્રથમ પૂરી કરીને ઈનામ મેળવવા હકકદાર બન્યું હતું. વયસ્કોએ પણ ઈતિહાસ રચ્યો હતો. ૪૦થી ૫૫ વર્ષના જુથમાં મહિલાઓમાં પારસ સુહાસ, જેતાનીયા મન્દીરકૌરસિંહ તથા દેવ્યાની ઝાલાએ અનુક્રમ ૧ થી ૩ નંબર તથા ૬૦ વર્ષ પુરુષ જુથના છગનલાલ ભાલાણીએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

























રાજકોટ મહાનગરપાલિકા અને શહેર પોલીસના સંયુકત ઉપક્રમે સ્વચ્છતા અને ટ્રાફીકની જનજાગૃતિ માટે ગત ૨૪-૧-૨૦૧૬ના રોજ સૌરાષ્ટ્ર અને રાજકોટમાં પ્રથમ વખત જ હાફ મેરેથોન દોડનું આયોજન કરવામાં આવેલ હતુ. આ પ્રસંગે ઉપસ્થિત રાજયના મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ મેરેથોન દોડને ઝંડી આપી પ્રસ્થાન કરાવેલ. હાફ મેરેથોનથી નાદુરસ્તીથી તંદુરસ્તી તરફ, પડકારરૂપ તથા પ્રાપ્તી પુર્ણ ધ્યેય, આત્મ વિશ્વાસમાં વધારો, શહેરમાં નવી ઉર્જાનો સંચાર, લોકો સાથેના સંપર્કનું માધ્યમ, અને શહેરીજનોના ઉત્સાહ અને આનંદમાં વધારો કરવાનું તેમજ રળિયામણુ શહેર બને તે માટે જનજાગૃતિ લાવવાના ધ્યેય સાથે હાફ મેરેથોનનું આયોજન કરવામાં આવેલ હતુ. હાફ મેરેથોન સ્પર્ધા માટે તંત્ર દ્વારા અને શહેરના જુદી જુદી ઔધોગિક સંસ્થાઓ, બેંકો, બિલ્ડરો, અને એન.જી.ઓ.ના સહયોગથી એક ઐતિહાસીક હાફ મેરેથોન બની રહે તે માટે સતત પ્રયત્નશીલ રહયા હતા.

હાફ મેરેથોન આયોજનના ભારતીય ક્રિકેટ ટીમના ક્રિકેટર ચેતેશ્વર પુજારા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે હાજર રહી ૨૧ કી.મી. દોડમાં મ્યુનિ. કમિશનરશ્રી વિજય નેહરાની સાથે જ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે કેન્યા અને ઈથોપિયાના ૧૪ સ્પર્ધકો રાજકોટ આવ્યા હતાં. આંતર રાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ રોશન કરી ચુકેલા મહિલા એથ્લેટ શ્રી પી. ટી. ઉષાએ રાજકોટ હાફ મેરેથોનને શુભેચ્છા સંદેશ પાઠવયો હતો.

આ ઉપરાંત અત્યંત લોકપ્રિય ટી.વી.સિરીયલ ‘‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’’ના જાણીતા કલાકાર નટુકાકા અને બાઘાની હાજરીથી સૌ સ્પર્ધકો અને ઉપસ્થિત લોકો જબરદસ્ત ઉત્સાહમાં આવી ગયા હતાં.

હાફ મેરેથોનમાં જાણીતા મહાનુભાવોમાં વાહન વ્યવહાર, પાણી પુરવઠા, શ્રમ અને રોજગાર વિભાગના મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના ધર્મપત્નિ અંજલીબેન રૂપાણી, રાજયના મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ, મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરીયા, મેયર શ્રી ડો. જૈમનભાઈ ઉપાધ્યાય, તેમના ધર્મપત્નિ આશાબેન જે. ઉપાધ્યાય, મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરા, ડે. મેયર શ્રી ડો. દર્શિતાબેન શાહ, સ્ટે. કમિટીના ચેરમેન શ્રી પુષ્કર પટેલ, પૂર્વ સ્ટે. ચેરમેનશ્રીઓ શ્રી નીતિનભાઈ ભારદ્વાજ અને શ્રી કમલેશભાઈ મિરાણી, શાસક પક્ષ નેતા શ્રી અરવિંદભાઈ રૈયાણી, દંડક શ્રી રાજુભાઈ અઘેરા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી જયમીન ઠાકર તેમજ કોર્પોરેટરો અને સમાજના વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો, વિદ્યાર્થી ભાઈ-બહેનો, શિક્ષકો, સિનીયર સિટિઝન, વિકલાંગો, ડોકટરો, વ્યાપારી, એડવોકેટો, ઉદ્યોગપતિઓ વિગેરે સ્પર્ધામાં ભાગ લઈ રાજકોટ શહેરને સ્માર્ટ સિટી બનાવવા માટે જન જાગૃતિના અભિયાનમાં સહયોગી બનવા અને સ્પર્ધાને નિહાળવા બદલ શહેરના નગરજનો પ્રત્યે મેયરશ્રીએ આભારવશતા પ્રગટ કરી હતી.

આ સ્પર્ધામાં સ્પર્ધકોનો પણ જબરદસ્ત ઉત્સાહ જોવા મળેલ છે જેમાં ૨૧ કિ.મી.ની સ્પર્ધામાં ૨૭૦૨ તથા ૧૦ કિ.મી.ની સ્પર્ધામાં ૨૭૧૦ તથા ૫ કિ.મી.ની સ્પર્ધામાં સૌથી વધુ ૨૯,૩૧૯ તથા સિનીયર સિટીઝન ૧૧૫૦ ઉપરાંત વિકલાંગ ૧૦૨૪ સ્પર્ધકો મળી કુલ ૩૫,૯૦૨ જેટલી અભુતપુર્વ સંખ્યામાં સ્પર્ધકો ભાગ લીધો હતો.

આ ઉપરાંત મેરેથોનના આયોજની સાથે રેસકોર્ષ સંકુલમાં રૂા. ૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલ આધુનિક સીન્થેટીક, એથ્લેટીક ટ્રેક, રૂા. ૨૩૧ કરોડના ખર્ચે યોગા સેન્ટર, રૂા. ૨૫ લાખના ખર્ચે સ્કેટિંગ રિંકનું લોકાપર્ણ તેમજ રૂા. ૨૫ લાખના ખર્ચે નવનિર્માણ પામનાર છ સિન્થેટીક ટેનિસ કોર્ટનું ખાતમુહૂર્ત કરાયુ હતું. આ સુવિધાઓ ભવિષ્યમાં રાજકોટને રાષ્ટ્રીય કક્ષાની રમતો આપી શકશે


કેન્યા અને ઈથોપિયાના સ્પર્ધકો

## લાખો રાજકોટવાસીઓએ માણ્યો યાદગાર અવસર

# વિરાટ પડકાર:અભૂતપૂર્વ આયોજન



સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત રાજકોટમાં યોજાયેલી હાફ મેરેથોન સ્પર્ધાએ ભારે ઉત્તેજના જગાવી હતી. સમગ્ર રાજકોટ મેરેથોન ફિવરમાં ઝકડાઇ ગયું હતું. રવિવારે તા. ૨૪-૧-૨૦૧૬ના રોજ વહેલી સવારથી જ રેસકોર્ષ મેદાન હકડેઠઠ મેદનીથી ચીકકાર ભરાઇ ગયું હતું. આ ઈવેન્ટ પર સમગ્ર રાષ્ટ્રનું ધ્યાન આકર્ષિત થયું હતું. હાફ મેરેથોનનું વિરાટ આયોજન અત્યંત કઠીન અને પડકારરૂપ હતું. જોકે રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેર પોલીસે લાજવાબ ઢબે સફળતાપૂર્વક આ આયોજન પાર પાડી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની એક નવી ઓળખ ઉભી કરી હતી. રાજકોટ માટે પડકારરૂપ એવા આ ભવ્ય પ્રસંગને રાજકોટના લાખો નાગરિકોએ ખરા અર્થમાં શોભાવ્યો અને દિપાવ્યો પણ હતો. ૩૬ હજાર કરતા વધારે લોકોએ તો રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. એ બધાનો ડેટા તૈયાર કરવો. કિટ આપવી. એ ઉપરાંત રેસકોર્ષ મેદાનથી મેરેથોનના વિવિધ રૂટનું મેનેજમેન્ટ, સલામતી, ટ્રાફિક નિયમન, આરોગ્ય સુવિધા, સંકલન, વિગેરે પડકાર ભર્યા કામને પૂર્ણ કરવા પોલીસ કમિશનર શ્રી મોહન ઝા અને મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરા અને તેઓની ટીમે એક મહિના કરતા વધારે સમય સુધી રાત દિવસ જોયા વગર કામ કર્યું હતું. સાથે રોજિંદી ફરજ તો ખરી જ. આ એક થકવી નાખતું કામ હતું. પરંતુ લીડર્સ અને કર્મચારીઓએ ખંતીલી ટીમ સ્પીરિટથી કામ કર્યું. કયાંય કોઇ ચૂક ન રહી. રાજકોટને હાફ મેરેથોનની ભેટ આપનાર આ તમામ કર્મચારીઓને મ્યુનિસિપલ કમિશનર શ્રી વિજય નેહરાએ બીરદાવ્યા હતા.

### 21 કિ.મી.ના પ્રથમ 10 પુરુષ વિજેતા

| ક્રમ | વિજેતાનું નામ | મિનિટ | ઇનામની રકમ |
|---|---|---|---|
| 1 | સિમોન ક્રિપ્લોગેટ | 1:04:02 | રૂ.2 લાખ |
| 2 | બેરેકેટ અલેમ કિનાહુ | 1:05:10 | રૂ.1 લાખ |
| 3 | બેલેય્પા અબ | 1:05:18 | રૂ.50 હજાર |
| 4 | સિમ્યુઅલ કામાઉ | 1:06:24 | રૂ.40 હજાર |
| 5 | લેમલેમુ મિકિયાઝ યેમાટા | 1:07:26 | રૂ.30 હજાર |
| 6 | કુલદીપ સિંઘ(નેશનલ હોકી પ્લેયર) | 1:07:57 | રૂ.25 હજાર |
| 7 | ક્લોપ્હાઝ ક્રિપુગુટ કેરિંગ | 1:08:02 | રૂ.20 હજાર |
| 8 | મેઈનાબ સિમ્યુઅલ વાઈથાકા | 1:08:23 | રૂ.15 હજાર |
| 9 | આશિષ કુમાર | 1:08:32 | રૂ. 10 હજાર |
| 10 | દિનેશ કુમાર | 1:09:02 | રૂ.5 હજાર |

### 21 કિ.મી.ના પ્રથમ 10 મહિલા વિજેતા

| ક્રમ | વિજેતાનું નામ | મિનિટ | ઇનામની રકમ |
|---|---|---|---|
| 1 | એટ્સેગેનેટ મોલા ઝીગેયે | 1:20:43 | રૂ.2 લાખ |
| 2 | બ્રિગીડ જેરોનો કિમિટવાઇ | 1:22:34 | રૂ.1 લાખ |
| 3 | કિરણજીત કોર | 1:23:23 | રૂ.50 હજાર |
| 4 | નિરમા ભરતજી ઠાકોર | 1:29:21 | રૂ.40 હજાર |
| 5 | સિતાબેન વિરસીંગભા ચારેલ | 1:29:44 | રૂ.30 હજાર |
| 6 | વૈષ્ણવી રોહિતભાઇ વાઘ | 1:33:01 | રૂ.25 હજાર |
| 7 | હંસાબેન મેરાભાઇ બારૈયા | 1:35:05 | રૂ.20 હજાર |
| 8 | દીપિકા મોમજીભાઇ ચાવડા | 1:36:01 | રૂ.15 હજાર |
| 9 | મનીષા હેમંતભાઇ ગોહિલ | 1:39:22 | રૂ.10 હજાર |
| 10 | પૂજા ભગવાનજીભાઇ બાંભણિયા | 1:42:38 | રૂ.5 હજાર |
| 11 | સીમતા શર્મા | 1:40:52 | રૂ.5 હજાર |

### 21 કિ.મી.માં સ્થાનિક ટોપ ટેન (પુરુષ)

| ક્રમ | નામ - મિનિટ | |
|---|---|---|
| 1 | જયંત યાલુકર | 1:22:06 |
| 2 | રવિકિરણ રાજારામ ભગત | 1:22:02 |
| 3 | પ્રવીણ તેજારે | 1:22:24 |

### 21 કિ.મી.માં સ્થાનિક ટોપટેન (મહિલા)

| ક્રમ | નામ | મિનિટ |
|---|---|---|
| 1 | મનીષા હેમંતભાઇ ગોહિલ | 1:39:03 |
| 2 | ગીતાબેન કેશુભાઇ ગોહેલ | 1:40:53 |
| 3 | કાજલ આર.તીલાવડિયા | 1:52:03 |













# રાજકોટનાં વિકાસનો પાયો મજબુત બનાવતું બજેટ



## રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૧૬-૧૭નું

# રૂા.૨૦૧૮૩૭.૦૭ લાખનું બજેટ

## સ્ટેન્ડિંગ કમિટીમાં રજુ કરતાં કમિશનરશ્રી વિજય નેહરા

| (રકમ ₹ લાખમાં) | | | | કમિશનરશ્રીએ સૂચવેલ | |
|---|---|---|---|---|---|
| વિગત | ૨૦૧૨-૧૩ ખરેખર | ૨૦૧૩-૧૪ ખરેખર | ૨૦૧૪-૧૫ ખરેખર | ૨૦૧૫-૧૬ રીવાઇઝ | ૨૦૧૬-૧૭ ખરેખર |
| રેવન્યુ બજેટ | ૩૧૦૫૬.૮૩ | ૩૬૧૪૯.૧૩ | ૩૬૯૧૪.૯૯ | ૪૭૭૬૪.૯૪ | ૫૧૧૬૦.૬૯ |
| કેપિટલ બજેટ | ૨૨૮૭૯.૯૪ | ૩૧૮૫૧.૨૯ | ૪૭૭૪૯.૦૯ | ૬૩૩૩૬.૩૩ | ૧૪૬૨૩૬.૩૮ |
| અનામત બજેટ | ૧૫૧૦.૨૫ | ૧૯૦૬.૨૩ | ૫૨૯૯.૮૫ | ૩૩૩૫.૮૫ | ૪૪૪૦.૦૦ |
| કુલ | ૫૫૪૩૮.૦૨ | ૬૯૯૦૬.૬૫ | ૮૯૯૬૩.૬૩ | ૧૧૪૪૩૬.૨૭ | ૨૦૧૮૩૭.૦૭ |

**To transform Rajkot into a Sustainable, Modern, Affordable, Resilient and Technology-Driven (SMART) city where all its citizens get an enabling environment to fulfil their dreams and aspirations by provision of quality infrastructure and efficient service delivery; a city where citizens actively collaborate with government to improve their lives and the future of the city.**

**''રાજકોટ શહેરને સસ્ટેનેબલ, મોડર્ન, એફોર્ડેબલ, રેઝિલિયન્ટ અને ટેકનોલોજી ડ્રિવન (SMART) સિટી બનાવવા કે જ્યાં શહેરોનાં સૌ નાગરિકોને સુચારૂ વાતાવરણથી તેમનાં પોતાનાં સપનાઓ તથા આકાંક્ષાઓ સાકાર થાય તે માટે ગુણવત્તાયુક્ત માળખાકીય સુવિધા અને કાર્યક્ષમ સેવાપૂર્તિ મળી શકેલ એવુ શહેર કે જ્યાં શહેરના નાગરિકો સરકાર સાથે મળીને સક્રિય ભાગીદારથી તેઓનાં જીવન ધોરણમાં તથા શહેરનાં ભાવિમાં સુધારો લાવી શકશે.''**

આપણે સૌ એ હકિકતથી વાકેફ છીએ કે, રાજકોટ શહેરને ''સ્માર્ટ સિટી'' બનાવવાની દિશામાં રાજકોટ મહાનગરપાલિકાએ પોતાનું પ્રથમ ડગલું તો આજથી દોઢેક વર્ષ પૂર્વે જ માંડી દીધુ હતું. ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ મહાનગરપાલિકાએ ''સ્માર્ટ સિટી પ્રોજેક્ટ'' લોન્ચ કરી મુખ્ય ૧૦ લક્ષ્યાંકો/હેતુઓ નિર્ધારીત કર્યા હતાં. શહેરમાં મુખ્યત્વે પાયાની મૂળભૂત સુવિધાઓ, માળખાને સુદ્રઢ બનાવવાની દિશામાં આ ૧૦ હેતુઓ પર શ્રેણીબધ્ધ કાર્યો શરૂ થતા જ નાગરિકોને ધીરે ધીરે તેના પ્રાથમિક પરિણામો દેખાવાનું શરૂ થયું હતું.

દરમ્યાન કેન્દ્ર સરકારશ્રીએ તા. ૨-૧૦-૨૦૧૪ થી ભારતમાં ''સ્વચ્છ ભારત અભિયાન'' લોન્ચ કરી સૌ દેશવાસીઓને ''ખૂબસૂરત રાષ્ટ્ર''ની કલ્પનાને સાકાર કરવા એક નવી જ દિશા બતાવી, આ ઉપરાંત તા. ૨૫-૬-૨૦૧૫ના રોજ કેન્દ્ર સરકારશ્રીએ ''સ્માર્ટ સિટી પ્રોજેક્ટ'' લોન્ચ કરી શહેરોની કાયાકલ્પ કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યુ.

### નાણાંકીય આયોજન

બજેટ તૈયાર કરતા એવું સમજાય છે કેં રાજકોટ શહેરની પાણીની જરૂરીયાત સંતોષવા નર્મદાનું પાણી મેળવવા માટે રાજય સરકારશ્રીને ચુકવવામાં આવતો ચાર્જ તથા જનરલ રેવન્યુ ખર્ચ વધારે થાય છે. જેને પરિણામે બજેટમાં અંદાજીત ₹૯૦ કરોડની ખાધ (ડેફીસીટ) આવે છે. ખાધને પહોંચી વળવુ ખૂબ જ જરૂરી છે અને ખાધ પૂર્તિ માટે નીચે મુજબનાં પગલાઓ આવશ્યક જણાય છે.

૧. હાલ રા.મ.ન.પા. દ્વારા શહેરમાં વસતા દરેક કુટુંબને સમાન ધોરણે નિયત માત્રામાં પાણીનો જથ્થો ઉપલબ્ધ થાય તે માટે ''સ્કાડા'' સીસ્ટમની અમલવારી કરવા મકકમ ગતિએ આગળ વધી રહ્યુ છે. ઉપરાંત, જળાશયોના ક્ષમતા વર્ધનની કામગીરી હાથ ધરી છે, જે પ્રગતિમાં છે. જોકે એ પણ યાદ રાખવુ જરૂરી છે કે, રા.મ.ન.પા.ની પાણીની જરૂરીયાત સામે તેની ઘટ રહે છે. જેને લઈ ઉનાળાની સિઝન દરમિયાન સરકારશ્રી પાસેથી નર્મદાનું પાણી વિશેષ પ્રમાણમાં ઉપાડવાનું થાય છે. મ.ન.પા. દ્વારા પુરા પાડવામાં આવતા પાણીનો ચાર્જ વધારવો આવશ્યક બનેલ છે. જે ધ્યાને લઈ ચાલુ સાલે હાલ પાણી ચાર્જ (કેટેગરી વાઈઝ) વધારવા દરખાસ્ત કરેલ છે.

૨. ઉપરોક્ત બાબતે સરકારશ્રીને રજુઆત કરવામાં આવેલ છે કે, પાણી અછત દરમિયાન રા.મ.ન.પા. ૧૬૦ એમ.એલ.ડી. થી વધુ પાણી ઉપાડે તો તેનો ચાર્જ સરકારશ્રી માફ કરે. જે સરકારશ્રીમાંથી મંજુર થશે તેવી પૂર્ણ આશા છે. જેને લઈ અંદાજીત ₹૪૫ કરોડના બદલે ₹૩૫ કરોડનો ખર્ચ થવાનો પ્રાથમિક અંદાજ છે.

૩. હાલના અને ભાવિ સંજોગોને નજર સમક્ષ રાખતા રા.મ.ન.પા.નો રેવન્યુ ખર્ચ ઘટાડવો આવશ્યક બની જાય છે. આગામી સાલે અલગ-અલગ શાખાનાં રેવન્યુ ખર્ચને ગંભીરતાપૂર્વક તપાસી તેમના પ્રાથમિક અંદાજો કરતા લગભગ ₹૧૫ કરોડનો કાપ મૂકવામાં આવેલ છે.

૪. રા.મ.ન.પા. દ્વારા પાણી વિતરણ માટે અમલી ''સ્કાડા'' સીસ્ટમની અમલવારી તથા વખતો વખતની પાણી ચોરી અટકાવવા માટે ખાસ ચેકિંગ ઝુંબેશ દરમિયાન એવુ ધ્યાને આવેલ છે કે, હાલ બીન નોંધાયેલા કનેકશનો મોટી માત્રમાં પકડાય છે. ભૂતિયા નળ કનકેશન ધારકો પાસે પુરતા પ્રમાણમાં ડોકયુમેન્ટ ન હોવાનું તપાસ દરમિયાન જોવાયુ છે. જેના નિરાકરણ માટે ભૂતિયા નળ કનેકશન તા. ૩૧-૩-૨૦૧૬ સુધીમાં રેગ્યુલરાઈઝ કરવા દરખાસ્ત છે. આ મુદત પૂર્ણ થયે ધ્યાને આવનાર બીન અધિકૃત નળ કનેકશન ધારકો પાસેથી આકરા પગલા રૂપે ₹૧૦,૦૦૦નો વહીવટી ચાર્જ વસુલવા કરવા માટે પ્રસ્તાવ છે.

ઉપરાંત, રા.મ.ન.પા. દ્વારા વર્તમાન નિર્વાચિત નગર સેવકોને તેમના વોર્ડમાં વિકાસનાં કામો સુચવવા માટે ₹૧૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તેમાં ઘટાડો કરી ₹૫ લાખ કરવા તથા વોર્ડમાં સાઈન બોર્ડ તથા બાંકડાઓની સુવિધા માટે ઉપરોકત ગ્રાન્ટની ૧૦%થી વધારે રકમ વાપરી શકાય નહી, તેવો પ્રસ્તાવ મુકાયેલ છે. બચત થતી આ રકમ અન્ય લોક ઉપયોગી કાર્ય માટે વાપરી શકાય તેવો ઉમદા આશય આ પ્રસ્તાવ પાછળ રહયો છે.

### કર પ્રસ્તાવ

રાજકોટ શહેરે છેલ્લા દોઢ દાયકામાં વિકાસની દિશામાં ઉત્તોરોત્તર હરણફાળ ભરી છે. સ્વાભાવિક રીતે જાહેર માલ મિલ્કતો અને અન્ય સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. કેન્દ્ર સરકારશ્રી અને રાજય સરકારશ્રી દ્વારા વખતો વખત અમલમાં મૂકાયેલ વિવિધ પ્રોજેક્ટ અને યોજનાઓ હેઠળ ઉપલબ્ધ બનેલી ઉપરોકત સુવિધાઓ લાંબા સમય સુધી જાહેર લોક હિતાર્થે કાર્યરત રહે તે માટે તેની યોગ્ય જાળવણી પણ એટલી જ જરૂરી છે. જે તે પ્રોજેક્ટ માટે સરકારશ્રી પાસેથી મળેલી ગ્રાન્ટમાં રાજકોટ મહાનગરપાલિકાએ પોતાનો આર્થિક હિસ્સો ઉમેર્યા બાદ સાકાર થયેલ પ્રોજેકટની જાળવણી કરવાનો ખર્ચ પણ ભોગવવો પડી રહયો છે. માત્ર એટલું જ નહીં પરંતુ, આ ખર્ચમાં દર વર્ષે વધારો પણ થતો જાય છે.

આ ઉપરાંત, મહાપાલિકાએ ભોગવવાના થતા અન્ય આવશ્યક ખર્ચાઓમાં પણ પ્રતિ વર્ષ વધારો થતો હોય છે; જેના પરિણામે મહાનગર--પાલિકાની તિજોરી ઉપર અસહય આર્થિક ભારણ સર્જાયેલુ જ છે. જેને પહોંચી વળવા જે તે કર અને દરમાં યોગ્ય વધારો કરવા અને એક નવો દર ઉમેરવા તંત્ર ના-છુટકે મજબૂર બન્યુ છે. સ્માર્ટ સિટીની માર્ગદર્શિકા મુજબ ગ્રાન્ટ મેળવવા માટે મહાપાલિકાએ જે તે સેવા પુરી પાડવા માટે દર વસુલવાનો રહે છે.

આ પગલાંઓ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાએ રાજય સરકારશ્રી પાસેથી જકાત નાબૂદીના બદલામાં મળતી ગ્રાન્ટમાં વખતો વખત યોગ્ય પ્રમાણમાં વધારો કરવા રજૂઆત કરી છે.

**કર અને દરમાં સૂચવવામાં આવેલા ફેરફારોની વિગત નીચે મુજબ છે.**

**૧. પાણી દર :**

રાજકોટ શહેરના જળાશયોમાં

પર્યાપ્ત માત્રામાં જળ રાશી ઉપલબ્ધ ન હોય ત્યારે પીવાનાં પાણીની જરૂરીયાતને પહોંચી વળવા સામે તેની ઘટ રહે છે. એવી જ રીતે ઉનાળાની સિઝન દરમિયાન સરકારશ્રી પાસેથી નર્મદાનું પાણી વિશેષ પ્રમાણમાં ઉપાડવાનું થાય છે. અહિં એ ખાસ ધ્યાન પર મૂકવુત્ર રહ્યુ કે, વૈશ્વિક સ્તર પર પાણીની સેવા બદલ ચાર્જ વસુલ કરવમાં આવે છે. જ્યારે અહીં આપણી પરંપરા જુદી છે. રાજકોટમાં હાલ પ્રત્યેક નળ કનેકશન દીઠ મ.ન.પા. દ્વારા આશરે ₹૩,૦૦૦ જેવો ખર્ચ કરવામાં આવે છે. આ દ્રષ્ટિએ જોઇએ તો તેની સામે આવક માત્ર આશરે ૨૫% જેવી જ છે. એટલે એ સમજી શકાય કે પૂરા પાડવામાં આવતા પાણી બદલ પ્રત્યેક નળ જોડાણ દિઠ આપવામાં આવતી ૭૫% જેવી ભારેખમ સબસિડીમાં આંશિક ઘટાડો કરવો અને ચાર્જની રિકવરી ૨૫%થી વધારી ૫૦% સુધી લઈ જવી આવશ્યક બનેલ છે.

આ બાબત ધ્યાને લઈ આગામી નાણાંકીય વર્ષમાં પાણી ચાર્જ (કેટેગરી વાઈઝ) વધારવા દરખાસ્ત કરેલ છે. જેમાં રહેણાંક હેતુ માટેનાં નળ જોડાણ માટે પ્રવર્તમાન પ્રતિ વર્ષ દરને ₹૮૪૦ ને બદલે ₹૧૬૮૦ તથા બીન રહેણાંક નળ જોડાણ માટે હાલનાં ₹૧૬૮૦ ને બદલે ₹૩૩૬૦ વસુલવા પ્રસ્તાવ છે.

**૨. વાહન વેરો :**

રાજકોટ શહેરમાં દર વર્ષે સરેરાશ આશરે ૫૫,૦૦૦ જેટલા મોટર કાર અને દ્વિચક્રી વાહનોનો ઉમેરો થઈ રહ્યો છે. આ વાહનો પર હાલ નજીવો વાર્ષિક વેરો વસુલવામાં આવે છે, તેમાં યાંત્રિક વાહનો માટે બેઝિક કિંમતનાં ૨૫% લેખે તથા સી.એન.જી. ઈંધણવાળા વાહનો માટે ભરવાપાત્ર વાહન વેરાના ૫૦% લેખે વેરો વસૂલવા અને ઈલેક્ટ્રીક વાહનને સંપૂર્ણ વેરા મુકિત આપવા દરખાસ્ત છે.

**૩. ખુલ્લા પ્લોટનો વેરો :**

શહેરમાં અલગ અલગ સ્થળોએ રહેલા ખુલ્લા પ્લોટ ન્યુસન્સ પોઈંટમાં પરિવર્તિત થઈ જતા હોય છે. મહાપાલિકાએ આવકના હેતુથી નહીં પરંતુ, આવા પ્લોટમાં થતી ગંદકી અટકાવવાનાં આશયથી ખુલ્લા પ્લોટ પર પ્રતિ ચો.મી. દિઠ ₹૭ લેખે વેરો વસુલવામાં આવે છે. જેમાં હવેથી ૫૦૦ ચો.મી. સુધીના પ્લોટમાં પ્રતિ ચો.મી. દિઠ ₹૧૪ લેખે અને ૫૦૦ ચો.મી.થી વધુનો પ્લોટ હોય તો પ્રતિ ચો.મી. દિઠ ₹૨૧ લેખે વસૂલવા દરખાસ્ત છે.

**૪. થીએટર ટેકસ :**

હાલ મહાપાલિકા દ્વારા પ્રત્યેક શો દિઠ ₹૫૦ લેખે થીએટર ટેક્સ વસુલવામાં આવે છે. જે આગામી નાણાંકીય વર્ષથી એક શો દિઠ ₹૧૦૦ કરવા પ્રસ્તાવ છે.

**નવા કર પ્રસ્તાવ**

**૧. ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ચાર્જ :**

આંતરરાષ્ટ્રીય સ્તરે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન માટે ચાર્જ વસુલ કરવામાં આવતો જ હોય છે. અત્યાર સુધી રાજકોટ મહાનગરપાલિકા એવી પ્રણાલીને અનુસરતુ રહ્યુ છે જેમાં, સામાન્ય રીતે પહેલા ચાર્જ વસુલવામાં આવે અને પછી સેવા આપવામાં આવે છે. જો કે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનનાં કિસ્સામાં તંત્રએ સર્વ પ્રથમ સેવા આપવાનો અભિગમ અપનાવ્યો છે અને હવે ચાર્જ વસુલવામાં આવે. શહેરમાં ૧૦૦% ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન પ્રણાલી કાર્યરત કરેલી છે.

આ વ્યવસ્થા સુચારૂ રૂપે કાર્યરત રહે તે માટે તેનાં ખર્ચને પહોંચી વળવુ પણ એટલુ જ આવશ્યક ગણાય. સબબ, પ્રત્યેક રહેણાંક મકાન દિઠ રોજના ₹૧ લેખે તથા બીન રહેણાંક મકાન દિઠ રોજના ₹૨ લેખે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ચાર્જ વસુલ કરવાનો પ્રસ્તાવ રજુ છે.

# બજેટ હાઈલાઈટસ

To transform Rajkot into a Sustainable, Modern, Affordable, Resilient and Technology-driven (SMART) city where all its citizens get an enabling environment to fulfil their dreams and aspirations by provision of quality infrastructure and efficient service delivery; a city where citizens actively collaborate with government to improve their lives and the future of the city.

**રાજકોટ શહેરને સસ્ટેનેબલ, મોડર્ન, એફોર્ડેબલ રેઝિલિયન્સ અને ટેકનોલોજી ડ્રિવન (SMART) સિટી બનાવવા કે જ્યા શહેરનાં સૌ નાગરીકોને સુચારૂ વાતાવરણથી તેમનાં પોતાનાં સપનાઓ સાકાર થાય તે માટે ગુણવત્તા યુક્ત માળખાકીય સુવિધા અને કાર્યક્ષમ સેવાપૂર્તિ મળી શકે, એવુ શહેર કે જ્યાં શહેરનાં નાગરિકો સરકાર સાથે મળીને સક્રિય સહભાગીદારીથી તેઓનાં જીવનધોરણમાં તથા શહેરનાં ભાવિમાં સુધારો લાવી શકશે.**

## નાણાકિય આયોજન-ઉડતી નજરે (રકમ ₹ લાખમાં)

| | ૨૦૧૫-૧૬ સુધારેલુ | ૨૦૧૬-૧૭ અંદાજ |
|---|---|---|
| **બજેટનું કદ** | **૧૧૪૪૩૬.૨૭** | **૨૦૧૮૩૭.૦૭** |
| મુડી આવક | ૪૮૬૧૦.૯૩ | ૧૪૪૮૨૯.૬૨ |
| મહેસુલી આવક | ૫૦૭૫૩.03 | ૪૯૨૨૮.૪૦ |
| સુચિત આવક | ૦.૦૦ | ૩૨૬૦.૦૦ |
| મુડી ખર્ચ | ૬૩૩૩૬.૩૩ | ૧૪૬૨૩૬.૩૮ |
| મહેસુલી ખર્ચ | ૪૭૭૬૪.૯૪ | ૫૧૧૬૦.૬૯ |
| અનામત ખર્ચ | ૩૩૩૫.૦૦ | ૪૪૪૦.૦૦ |

* ગત વર્ષની સરખામણીએ બજેટનું કદ ૭૬.૩૮% વધવા પામેલ છે.
* મૂડી આવકમાં ગત વર્ષ કરતા ૧૯૩.૯૪% નો વધારો થયેલ છે.
* મહેસુલી આવકમાં ચાલુ સાલે ૩.૦૧%નો ઘટાડો થયેલ છે.
* મૂડી ખર્ચમાં ગત વર્ષ કરતા ૧૩૦.૮૯% નો વધારો થયો છે.
* મહેસૂલી ખર્ચ ચાલુ વર્ષે ગત વર્ષે કરતા ૭.૧૧%નો વધારો થવા પામેલ છે.

**કર પ્રસ્તાવ**

| ક્રમ | કર અને દરની વિગત | હાલનો દર | પ્રસ્તાવિત દર |
|---|---|---|---|
| ૧ | પાણી દર-રહેણાંક | રૂા. ૮૪૦/- | રૂા. ૧૬૮૦/- |
| | પાણી દર- બીન રહેણાંક | રૂા. ૧૬૮૦/- | રૂા. ૩૩૬૦/- |
| ૨ | વાહન વેરો | અલગ અલગ કેટેગરીમાં રૂા. ૩૦/- થી ૪૨૦/-આજીવન | યાંત્રિક વાહન બેઝિક કિંમતનાં ૨% લેખે<br>સી.એન.જી. ઈંધણ વાળા વાહન : બેઝિક કિંમતના ૧%<br>ઈલેક્ટ્રિક વાહનને સંપૂર્ણ મુક્તિ |
| ૩ | ખુલ્લા પ્લોટનો વેરો | પ્રતિ ચો.મી. રૂા.૭/- | ૫૦૦ ચો.મી. સુધી રૂા. ૧૪/- |
| | | | ૫૦૦ ચો.મી. થી વધુ હોય તો રૂા. ૨૧/- |
| ૪ | થીએટર ટેક્સ | શૉ દિઠ રૂા. ૫૦/- | શો. દિઠ રૂા. ૧૦૦/- |
| ૫ | ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ચાર્જ | --- | રહેણાંક : મકાન દિઠ રોજ રૂા. ૧/- |
| | | | બીન રહેણાંક : મકાન દિઠ રોજ રૂા. ૨/- |

## SUSTAINABLE RAJKOT

➢ **સ્વચ્છ શહેર નં.૧ રાજકોટને ભારતનું સૌથી સ્વચ્છ શહેર બનાવવાનું લક્ષ્યાંક**

**Aim to make Rajkot the cleanest city of INDIA**

* સ્વચ્છ વોર્ડ હરીફાઈ માટે કુલ ₹૫.૧૦ કરોડની જોગવાઈ
* ઝોન દીઠ સ્વચ્છતા સ્પર્ધાનું આયોજન
* ઝોન દીઠ સૌથી સ્વચ્છ જાહેર થનારા પ્રથમ ત્રણ વોર્ડને અનુક્રમે ₹૧ કરોડ, ₹૫૦ લાખ અને ₹ ૨૦ લાખની પ્રોત્સાહક ગ્રાન્ટની જોગવાઈ
* સફાઈ કાર્ય પ્રણાલીનું સુદ્રઢિકરણ અને વિકેન્દ્રીકરણ કરવા સાધન સજ્જ વોર્ડ એકમની રચના

➢ **ભારતનું પ્રથમ જાહેર શૌચક્રિયા મુક્ત શહેર**

* રાજકોટને દેશનું પ્રથમ જાહેર શૌચક્રિયાથી મુક્ત શહેર બનાવવાનો ધ્યેય. (Million Plus શહેરોમાં)
* જાહેર શૌચક્રિયાથી મુક્ત વોર્ડ માટે ₹૫૦ લાખની પ્રોત્સાહક ગ્રાન્ટની જોગવાઈ

➢ **રાજકોટને સોલાર સિટી તરીકેની ઓળખ મજબૂત બનાવવી**

* રાજકોટ મ.ન.પા. દ્વારા આગામી વર્ષમાં ₹૧૫૫ લાખનાં ખર્ચે ઝોન ઓફીસ તથા સ્વીમિંગ પૂલોમાં ૧૭૫ કિ.વોટ ક્ષમતા ધરાવતી રૂફ ટોપ સોલાર પેનલ પ્રસ્થાપિત કરવામાં આવશે.
* પ્રદ્યુમ્ન પાર્ક ઝુમાં પાણી પંમ્પિંગ માટે સોલાર પંપ વસાવાસે

➢ **ઈકો મોબિલીટી તરફ રાજકોટ શહેરનું પ્રયાણ......**

* ઈલેક્ટ્રીક બસની ખરીદી માટે ₹૫ કરોડની જોગવાઇ
* મ.ન.પા.ના કર્મચારીઓને ટ્રાવેલિંગ એલાઉન્સમાં ૫૦% કાપ મુકી તેના વિકલ્પે સિટી બસના પાસ અપાશે. આનાથી ₹૯૦ લાખની બચત થશે
* મ.ન.પા.ના કર્મચારીઓને અપાતુ વાહન ભથ્થુ સંપૂર્ણ બંધ કરી તેના બદલે મ.ન.પા. દ્વારા ઈલેક્ટ્રીક સ્કૂટર વસાવવામાં આવશે વાહન ભથ્થુ બંધ થતાં ₹૮૪ લાખની બચત થશે.
* મ.ન.પા.ના સ્ટાફને બાઈસીકલ ખરીદી પર સબસીડી, ઈ-બાઈક ખરીદી માટે વ્યાજ મુકત લોન અને હવેથી કાર લોન માત્ર CNG કાર માટે.
* જે તે વોર્ડમાં શકયતા ચકાસી ડેડિકેટેટ સાઈકલ ટ્રેક બનાવાશે

➢ ***LED પ્રોજેક્ટ***

ESCO **મોડલથી શહેરની તમામ ૫૨,૦૦૦ જેટલી સ્ટ્રીટ લાઈટને** LED**માં રૂપાંતરિત કરવાનું આયોજન છે. જે માટે......**

* મ.ન.પા.ને કોઈપણ પ્રકારનો આર્થિક બોજો પડશે નહી.
* વિજળી ખર્ચની બચતમાંથી જ હાલની લાઈટને LED માં રૂપાંતરિત કરવામાં આવશે. ઉપરાંત, વિજ બચતનો આંશિક લાભ મ.ન.પા.ને પણ થશે.

## MODERN RAJKOT

➢ **રમશે રાજકોટ**

**રાજકોટ સ્પોટર્સ પ્રમોશન ફાઉન્ડેશનની રચના માટે SPV ની રચના**

* સ્પોટર્સ ઓથોરિટી ઓફ ગુજરાત તેમજ રજકોટ મહાનગરપાલિકાના ૫૦-૫૦% હિસ્સાથી SPVની રચના કરવામાં આવશે. આ માટે ₹૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

**દરેક ઝોન માટે ખેલ સંકુલનું નિર્માણ**

* રેસકોર્સની કાયા પલટ બાદ હવે વેસ્ટ ઝોનમાં ન્યુ રેસકોર્સ અને ઈસ્ટ ઝોનમાં આજી ડેમ સંકુલ ખાતે સ્પોટ્ર્સ પ્રવૃત્તિને પ્રોત્સાહન
* રેસકોર્સ ખાતે એથ્લેટિક ટ્રેક, ટેનિસ કોર્ટ, સ્કેટિંગ રિંગ તથા યોગ સેન્ટર કાર્યરત છે. આગામી સાલમાં હોકી (એસ્ટ્રોટફ) તથા નવા ટેનિસ કોર્ટનું લોકાર્પણ કરવામાં આવશે
* દરેક વોર્ડ માટે મીની ખેલ સંકુલનું નિર્માણ-અંદાજીત ખર્ચ ₹૧ કરોડ થશે
* વોર્ડ વાઈઝ રમતોત્સવ-પ્રારંભિક તબક્કે ક્રિકેટ અને ફુટબોલની સ્પર્ધાનું આયોજન
* આગામી વર્ષે મેરેથોનના આયોજનથી ₹૨ થી ૩ કરોડની આવકનો અંદાજ
* મેટ્રો રેલ પ્રોજેકટ મોડર્ન પબ્લીક ટ્રાન્સપોર્ટેશન માટે શહેરમાં મેટ્રો રેલ (MRT/LRT)ની સુવિધાની શકતાની ચકાસણી દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા કરાવાશે. આ પ્રી-ફિઝિબીલીટી સ્ટડીનો ખર્ચ ₹૫ લાખ થશે. DMRCની પ્રપોઝલની મહાનગર--પાલિકાને મળી ગયેલ છે.

➢ **વોર્ડમાં પાર્કિંગ પ્લોટ**

* ટ્રાફિક પ્રશ્નમાં આંશિક રાહત માટે વોર્ડ દિઠ કમ સે કમ એક પાર્કિંગ પ્લોટ

➢ **૨૪×૭ પાણી વિતરણ**

* ૨૪×૭ પાણી વિતરણનાં પાયલોટ પ્રોજેક્ટ માટે વોર્ડ નં. ૧૩ અને ૧૪નાં આંશિક ભાગને આવરી લેવામાં આવેલ છે. જેના માટે અંદાજીત ખર્ચ ₹૪ કરોડ થશે.

➢ **કન્વેન્શન સેન્ટર**

* મહત્વકાંક્ષી મેગા પ્રોજેકટ માટે રાજ્ય સરકારશ્રી પાસે ₹૨૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવા માંગણી કરેલ છે, જે પૈકી આગામી વર્ષે બજેટમાં ₹૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

➢ **ઝૂ ડેવલોપમેન્ટ**

* ભારતના વિવિધ શ્રેષ્ઠ ઝૂમાં સ્થાન પામી શકે તેવા આપણાં ઝૂને પ્રાણીઓ અને અન્ય ભૌતિક સાધનોની દ્રષ્ટિએ સમૃદ્ધ બનાવવા ₹૮ કરોડની જોગવાઇ

➢ **તમામ વોર્ડ ઓફીસનું આધુનિકરણ**

* લોકો સુધી પહોંચવાનાં પ્રયાસ રૂપે તમામ વોર્ડ ઓફીસોમાં મ.ન.પા.ની મોટા ભાગની સેવાઓ આવરી લેવામાં આવશે. જે માટે વોર્ડ ઓફીસોને ₹૩ કરોડનાં ખર્ચે આધુનિક બનાવવામાં આવશે.

➢ **નવા વિદ્યુત સ્મશાન**

* પરંપરાગત સ્મશાનો પૈકી બે સ્મશાનને વિદ્યુત સંચાલિત બનાવવામાં આવશે

## AFFORDABLE RAJKOT

➢ SMART GHAR **માટે ₹૧૦૦ કરોડની જોગવાઇ**

(GHAR : Giving Houses at Affordable Rate)

➢ **મુખ્યમંત્રી ગૃહ યોજના**

* કુલ ૧૭૩૬ ગૃહ બનાવવા ₹૧૨૦ કરોડની જોગવાઇ

➢ PMAY **યોજના હેઠળ** PPP **મોડલથી આવાસનું નિર્માણ**

* ₹૨૨૪.૮૦ કરોડનાં પ્રિમીયમની આવક
* અવતા વર્ષે ૫૦૦ થી ૧૦૦૦ મકાનો બનાવવાનું આયોજન છે.

➢ BSUP-III **આવાસ યોજના**

* ૧૫૧૨ આવાસો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. આગામી સાલમાંતેની ફાળવણી કરવામાં આવશે.

➢ **સ્વાસ્થ્ય સેવાઓ**

* નવું એક CHC (કોમ્યુનિટી હેલ્થ સેન્ટર) બનશે જેમાં ૩૦ બેડની સુવિધા ઉપરાંત સર્જીકલ ફેસીલીટી સાથે સ્પેશ્યાલીસ્ટ તબીબોની સેવાઃ ₹૨ કરોડની જોગવાઇ
* નવા વર્ષમાં વધુ એક કૂપોષિત બાળ સારવાર કેન્દ્ર (CMTC) કાર્યરત કરાશે
* ચાલુ વર્ષે નાનામવા આરોગ્ય કેન્દ્ર NABH એક્રેડિટેશન પ્રાપ્ત કરનાર ભારતનું પ્રથમ UHC બનેલ છે. વધુ બે હેલ્થ સેન્ટરને NABHની

માન્યતા અપાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે

➢ **સ્ટાફ મેડીકલેઈમ**

* રા.મ.ન.પા.ના આશરે ૫૦૦૦ કર્મચારીઓને મેડીકલેઇમ માટે ₹૧૮૦ લાખની જોગવાઇ

➢ **સૌને પરવડે તેવી પરિવહન સેવાઓ**

* રાજકોટ રાજપથ લી.ને ₹૨૪૨૧ લાખનો ફાળો
* વધુ ૫૦ બસોનો ઉમેરો કરી ૨૫ નવા રૂટ શરૂ થશે.

➢ **સામાજિક / માળખાકીય સુવિધાઓ**

* આગામી વર્ષમાં ચાર રેન બસેરાનું આધુનિકરણ કરવામાં આવશે
* ૧૫૦ ફુટ રિંગ રોડ પર મલ્ટિએક્ટિવિટી સેન્ટરનું ટૂંક સમયમાં લોકાર્પણ
* યુવા ભાઈ-બહેનો માટે નવા સ્વરોજગાર તાલીમ કેન્દ્રો શરૂ થશે.
* મહિલા સશક્તિકરણ માટે સખી મંડળોની રચના.

## RESILIENT RAJKOT

➢ **આજી રીવરફ્રન્ટ**

* આજી નદીનાં પટમાંથી ઝૂંપડપટ્ટીઓ દૂર કરી અસરગ્રસ્તોને વૈકલ્પિક રહેઠાણની વ્યવસ્થા.
* નદી કાંઠે ડીમાર્કેશન કરી સર્વિસ રોડ બનાવવાની કામગીરી શરૂ કરી
* ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ રાજ્ય સરકારશ્રીમાં રજૂ કરી મંજૂરી મેળવવા કાર્યવાહી હાથ ધરાઈ.
* હવે પછીનાં તબક્કે નવા દબાણો અટકાવવાલ રિટેઈનિંગ વોલ બનાવવા અને નદીમાં વહેતા ગટરનાં પાણી માટે ડિસેન્ટ્રલાઈઝ્ડ વોટર ટ્રીટમેન્ટ કાર્યરત થશે.
* આવતા નાણાંકીય વર્ષમાં પ્રોજેક્ટની કામગીરી શરૂ થઈ શકે તે માટે રૂપિયા ૫૦ કરોડની પ્રેગવાઈ કરેલ છે.

➢ **આજી-૧ જળાશયની જળ સંગ્રહ ક્ષમતામાં વૃદ્ધિ**

* આજી-૧ ડેમની જળ સંગ્રહ ક્ષમતા વધારવા ખૂબજ મોટા પાયે કાંપ કાઢવા માટેની યોજના.
* આ યોજના માટે આગામી વર્ષમાં ₹૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

➢ **ન્યારી-૧ ડેમની જળ સંગ્રહ ક્ષમતામાં વૃદ્ધિ**

* ન્યારી-૧ ડેમની જળ સંગ્રહ ક્ષમતામાં ૩૦૦ MCFTની વૃદ્ધિ કરવાની યોજના આવતા વર્ષે પૂર્ણ કરાશે.

➢ **ન્યારી-૨નું જળ શુદ્ધ કરવા માટેની યોજના**

* ન્યારી-૨માં સંગ્રહ થતા અશુદ્ધ પાણીનાં શુદ્ધિકરણ માટે ખાસ પ્રોજેક્ટ : આગામી વર્ષમાં ₹૫૦ કરોડની જોગવાઇ

➢ **કુદરતી આપતિ સામેની રાહત-બચાવ વ્યવસ્થા**

* નવા ફાયર સ્ટેશનનું નિર્માણ કાર્ય ગતીમાં
* નવા ૪ ફાયર વોટર ટેન્કરની ખરીદી થશે : ₹૧૮૮ લાખની જોગવાઈ
* નવુ ૧ મલ્ટી ફંકશનલ રેસ્ક્યુ ફાઇટર ખરીદ થશે : ₹૧૬૨ લાખની જોગવાઇ
* નવી ૪ એમ્બ્યુલન્સની ખરીદી થશે : ₹૪૮ લાખની જોગવાઇ
* નવી ૪ શબવાહિની ખરીદ કરાશે : ₹૫૧.૪૫ લાખની જોગવાઇ
* નવા ૮ મિનિ ફાયર ફાઈટરની ખરીદી થશે : ₹૧૪૦ લાખની જોગવાઇ

➢ **વિકેન્દ્રીત ઘન કચરા નિકાલ વ્યવસ્થા**

* સ્માર્ટ સોસાયટીમાં ઘન કચરા પ્રોસેસ માટે ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટરની ખરીદી માટે ₹૨ કરોડની જોગવાઇ

➢ **વિકેન્દ્રીત વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ**

* ₹૪૦ લાખના ખર્ચે જિલ્લા ગાર્ડન માટેનો ડીસેન્ટ્રલાઈઝ્ડ વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની માફક આવતા વર્ષે અન્ય સ્થળોએ આવા પ્લાન્ટ બનાવવા ₹૧ કરોડની જોગવાઇ

➢ **ઈ-વેસ્ટ કલેકશન**

* પર્યાવરણની જાળવણી માટે આવતા વર્ષે ઈ-વેસ્ટ કલેકશન સીસ્ટમ શરૂ કરવામાં આવશે.

## Technology Driven Rajkot

➢ **જીઓ ટેગિંગ ઓફ કમ્પ્લેઈન્ટસ**

* રાજકોટ મહાનગરપાલિકાની મોબાઈલ એપલીકેશનમા નવો ટેકનોલોજીકલ સુધારો કરી ફરીયાદ નિવારણ પધ્ધતિ ઝડપી બનાવાશે. લોકો જે તે સ્થળની તસવીર સહ ફરીયાદ કરે એ સાથે મ.ન.પા.ને એ સ્થળનું સચોટ લોકેશન પ્રાપ્ત થતા જ તંત્ર સ્થળ પર ઝડપથી પહોચી શકશે.

➢ **શહેર વ્યાપી CCTV નેટવર્ક**

* ચાલુ વર્ષમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ૧૨૨ CCTV કેમેરા લગાવી તેનો કન્ટ્રોલ રૂમ નાના મૌવા સર્કલ પાસે મલ્ટિ એક્ટીવીટી સેન્ટર ખાતે ટૂક સમયમાં કાર્યરત થશે. આગામી વર્ષમાં અન્ય મુખ્ય માર્ગોને પણ ક્રમશઃ આ નેટવર્કમાં આવરી લેવાશે.

➢ **એન્ટી સાઈફન ડીવાઈસ**

* ₹૨૭ લાખનાં ખર્ચે એન્ટી સાઈફન ડીવાઈસ ખરીદવામાં આવશે. જેના દ્વારા મ.ન.પા.ના વાહનોનાં ઈંધણ વપરાશ પર નિરીક્ષણ કરી શકાશે.
* એ જ રીતે જી.પી.એસ. તથા ફ્યુઅલ મોનિટરીંગ સીસ્ટમ દ્વારા વાહનના વપરાશ પર અંકુશ રાખવામાં આવશે. જેના માટે ₹૭૫ લાખની જોગવાઇ રાખવામાં આવેલ છે.

➢ **ફ્યુઅલ ડિસ્પેન્સર**

* મ.ન.પા.ના વાહનો દ્વારા ઈંધણ પુરાવવા થતી આવ-જા ને કારણે બીન જરૂરી રીતે ઈંધણનો જે વ્યય થાય છે તે અટકાવવા બે ફ્યુઅલ ડિસ્પેન્સર વ્હિકલ ખરીદવામાં આવશે.

➢ **સ્માર્ટ ટિકીટ સિસ્ટમ**

* રા.મ.ન.પા. દ્વારા સીટી બસ અને બી.આર.ટી.એસ. એમ બંને માટે કોમન ટિકીટ અને ઓટોમેટિક ફેર કલેકશન સ્માર્ટ કાર્ડ સિસ્ટમ.

➢ **રા.મ.ન.પા.ની કચેરીમાં ઈ-કનેક્ટિવિટી**

* તમામ વોર્ડ ઓફિસોને (WAN કનેક્ટિવિટી) એકબીજા સાથે જોડવાની કાર્યવાહી.
* RMCની તમામ કચેરીઓને ઈન્ટરનેટથી સાંકળી લેવામાં આવશે.

➢ **જાહેર સ્થળોએ WiFi સુવિધા**

* રેસકોર્સ ગાર્ડન સંકુલને WiFi સજ્જ કરવાની કાગમીરી એપ્રિલ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.
* બીજા તબકકામાં અન્ય ગાર્ડન અને RMC ત્રણેય ઝોનલ કચેરીઓને WiFi થી સજ્જ કરાશે

➢ **ડ્રેનેજ માટે "સ્કાડા" સીસ્ટમ**

* ચાલુ વર્ષે પાણી પુરવઠા માટે SCADA નો અમલ કરનાર RMC ગુજરાતમાં સૌ પ્રથમ મહાપાલિકા બની છે. આવતા વર્ષે ડ્રેનેજ માટે SCADA નો અમલ કરવા ₹૧ કરોડની જોગવાઇ

➢ **જેટ પેચર ટેકનોલોજીથી રસ્તા મરામત**

* જેટ પેચર ટેકનોલોજી અથવા તેની સમકક્ષ એવી અન્ય આધુનિક ટેકનોલોજીથી સજ્જ યંત્ર સામગ્રીના સહારે વૈજ્ઞાનિક પદ્ધતિથી રાત્રીના સમયે રસ્તા રીપેરીંગ કરવાનું આયોજન.
* પ્રારંભિક તબકકે આ પદ્ધતિએ કામ કરવા માટે ₹૧ કરોડની જોગવાઇ.





| મૂડી ખર્ચ | | |
|---|---|---|
| વર્કશોપ | ૬૫.૦૦ | ૨૦૦.૦૦ |
| બાંધકામ | ૨૯૬૯.૦૦ | ૩૨૩૭.૪૪ |
| ટી.પી. ડેવ ખર્ચ | ૩૨૦.૦૦ | ૧૧૯૧.૦૦ |
| પાણી પૂરવઠો | ૪૬૫૭.૫૦ | ૨૩૧૩.૦૦ |
| આરોગ્ય અને શિક્ષણ | ૮.૪૦ | ૨૦૧.૦૦ |
| સોલિડ વેસ્ટ | ૮૦૦.૦૦ | ૩૧૦૦.૦૦ |
| ડ્રેનેજ | ૪૫૧૬.૦૦ | ૭૫૦૫.૦૦ |
| ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ | ૧૫૦.૦૦ | ૨૫૦.૦૦ |
| આવાસ | ૨૯૪૯૮.૧૪ | ૩૫૮૮૯.૧૧ |
| રોશની | ૧૪૬.૨૯ | ૩૯૮.૫૦ |
| ગાર્ડન | ૮૪.૦૦ | ૬૩૦.૦૦ |
| ઝૂ | ૧૦.૦૦ | ૭૦૦.૦૦ |
| અર્બન મોબીલીટી | ૦.૦૦ | ૩૬૦૦.૦૦ |
| મૂળભૂત માળખાકીય સુવિધા | ૦.૦૦ | ૫૪૧૦.૦૦ |
| સામાજિક આંતર માળખાકીય સુવિધા | ૨૦૨૦૦.૦૦ | ૬૦૦૦.૦૦ |
| જનભાગીદારી | ૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| આગવી ઓળખ | ૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| જાહેર શૌચ ક્રિયાથી મુકત વોર્ડ માટે ગ્રાંટ | ૦.૦૦ | ૯૦૦.૦૦ |
| પ્લાસ્ટીક મુકત વોર્ડ માટે ગ્રાંટ | ૦.૦૦ | ૧૮૦.૦૦ |
| વોર્ડ સ્વચ્છતા માટે ગ્રાન્ટ (ઝોન દીઠ) | ૦.૦૦ | ૫૧૦.૦૦ |
| સ્માર્ટ સિટી SPV ને ફાળો | ૦.૦૦ | ૪૦૦૦.૦૦ |
| અમૃત યોજના ગ્રાન્ટ સામે ખર્ચ | ૦.૦૦ | ૩૦૦૦.૦૦ |
| ટ્રાન્સપોર્ટ | ૧૧.૦૦ | ૧૨૫૬.૦૦ |
| અન્ય મૂડી ખર્ચ | ૫૧.૦૦ | ૧૪૫.૧૦ |
| **કુલ મૂડી ખર્ચ** | **૬૩૪૮૬.૩૩** | **૧૧૯૬૧૬.૧૫** |

(રકમ ₹ લાખમાં)

| | ૨૦૧૫-૧૬ સુધારેલુ | ૨૦૧૬-૧૭ અંદાજ |
|---|---|---|
| **મહેસૂલી આવક** | | |
| જકાત ગ્રાંટ | ૧૩૯૩૬.૦૦ | ૧૨૧૯૨.૦૦ |
| એજ્યુકેશન સેસ ગ્રાંટ | ૮૫૭૦.૧૭ | ૨૭૦૦.૦૦ |
| મકાન વેરો | ૧૧૫૭૨.૭૨ | ૧૧૮૬૪.૩૫ |
| પાણીનો દર | ૨૩૪૫.૫૩ | ૨૪૦૧.૮૬ |
| ભૂર્ગભ ગટર ચાર્જ | ૧૮૨૭.૧૦ | ૧૮૭૨.૭૮ |
| વ્યવસાય વેરો | ૧૫૦૦.૦૦ | ૧૫૦૦.૦૦ |
| સફાઇનો વહીવટી ચાર્જ | ૫૦.૦૦ | ૬૦.૦૦ |
| જગ્યા રોકાણ | ૭૬૩.૧૧ | ૭૭૫.૫૦ |
| **મૂડી આવક** | **૨૦૧૫-૧૬** | **૨૦૧૬-૧૭** |
| આવાસ | ૩૩૯.૦૦ | ૩૧૮.૦૦ |
| ઉપાડ તથા વ્યાજ | ૨૮૫૩.૨૦ | ૨૩૨૫.૦૦ |
| ગ્રાંટ | ૧૨૯૦.૩૮ | ૧૮૮૩.૯૧ |
| એફ.એસ.આઇ. | ૪૯૧૦.૦૦ | ૫૫૦૦.૦૦ |
| સુચિત વેરા | ૦૦.૦૦ | ૩૮૬૦.૦૦ |
| અન્ય મહેસૂલી | ૩૫૦૦.૦૯ | ૨૮૧૭.૧૩ |
| કુલ મહેસૂલી આવક | ૫૩૪૫૭.૩૦ | ૫૦૦૭૧.૧૩ |
| JnNURM ગ્રાન્ટ | ૬૫૨.૪૩ | ૬૦૨૨.૦૦ |
| JnNURM અવેજીમા G.O.G. ગ્રાન્ટ | ૦.૦૦ | ૭૦૦૦.૦૦ |
| સ્વર્ણિમ ગુજરાત ગ્રાન્ટ | ૨૦૨૦૦.૦૦ | ૧૮૬૦૦.૦૦ |
| રાજીવ આવાસ યોજના | ૧૨૩૫.૦૫ | ૫૫૧.૪૧ |
| મુખ્યમંત્રી આવાસ ગ્રાન્ટ | ૦.૦૦ | ૫૮૨૦.૫૦ |
| સ્માર્ટ સિટી ગ્રાન્ટ | ૦.૦૦ | ૪૦૦૦૦.૦૦ |
| અમુત ગ્રાન્ટ | ૦.૦૦ | ૩૦૦૦.૦૦ |
| અન્ય ગ્રાન્ટ | ૬૧૨૮.૫૦ | ૨૬૧૧.૬૬ |
| લોન આવક | ૦.૦૦ | ૨૫૦૦.૦૦ |
| જમીન વેચાણ | ૪૫૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ |
| પી.પી.પી. આવાસ રોયલ્ટી | ૯૨૯૨.૧૫ | ૧૩૧૮૮.૮૨ |
| પી.પી.પી. ડિપોઝીટ વ્યાજ | ૧૯૧.૮૦ | ૨૫૦.૦૦ |
| મુખ્યમંત્રી આવાસમાં શોપિંગ સેન્ટર | ૦.૦૦ | ૫૦૦.૦૦ |
| મુખ્યમંત્રી આવાસ યોજના | ૦.૦૦ | ૪૫૦૦.૦૦ |
| સફાઇ કામદાર આવાસ | ૧૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| મુખ્યમંત્રી ગૃહ યોજના | ૫૨૦૦.૦૦ | ૬૫૦૦.૦૦ |
| બેટરમેન્ટ લેવી અને ઓમિનીટી | ૪૫૦.૦૦ | ૪૫૦.૦૦ |
| ભૂગર્ભ ગટર કનેકશન | ૭૮.૦૦ | ૯૦.૦૦ |
| નવા નળ કનેકશન | ૮૦.૦૦ | ૮૦.૦૦ |
| અન્ય મૂડી આવક | ૪૮૫.૦૦ | ૪૪૭.૦૦ |
| **કુલ મૂડી આવક** | **૪૮૬૧૦.૯૩** | **૧૧૭૬૧૮.૩૯** |
| **મહેસૂલી ખર્ચ** | **૨૦૧૫-૧૬** | **૨૦૧૬-૧૭** |
| એસ્ટાબ્લીસમેન્ટ ખર્ચ | ૨૧૮૩૧.૧૪ | ૨૪૬૪૩.૦૪ |
| પ્રોજેકટ તથા સમાજકલ્યાણ ખર્ચ | ૪૮૨.૩૭ | ૬૪૯.૯૨ |
| આઇ.સી.ડી.એસ. ખર્ચ | ૭૯૩.૦૫ | ૮૭૬.૧૫ |
| શિક્ષણ ખર્ચ | ૧૭૧૮.૮૧ | ૧૮૭૯.૮૫ |
| આરોગ્ય ખર્ચ | ૨૮૮.૪૦ | ૩૫૨.૨૫ |
| ટ્રાન્સપોર્ટ ખર્ચ | ૨૬૫૮.૧૦ | ૨૧૭૯.૦૦ |
| સોલિડ વેસ્ટ ખર્ચ | ૨૬૦૯.૧૨ | ૨૮૨૩.૫૦ |
| ડ્રેનેજ ખર્ચ | ૯૧૨.૫૦ | ૧૭૫૭.૦૦ |
| રોડ રસ્તા ખર્ચ | ૨૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| અન્ય બાંધકામ ખર્ચ | ૫૬૯.૫૦ | ૪૯૮.૦૦ |
| **રોશની** | | |
| ઈલેકટ્રીસીટી ખર્ચ | ૮૫૯.૫૨ | ૮૫૦.૦૦ |
| નિભાવ મરામત ખર્ચ | ૨૪૭.૬૩ | ૨૭૧.૮૦ |
| **વોટર વર્કસ** | | |
| ઈલેકટ્રીસીટી ખર્ચ | ૨૭૬૦.૦૦ | ૨૦૬૦.૦૦ |
| નિભાવ મરામત ખર્ચ | ૬૫૯૩.૦૪ | ૪૫૩૭.૫૦ |
| આધાર કાર્ડ ખર્ચ | ૧૧.૦૦ | ૫૦.૦૦ |
| ફાયર એન્ડ ઇમરજન્સી ખર્ચ | ૨૫૯.૦૦ | ૨૯૬.૦૦ |
| ગાર્ડન ખર્ચ | ૨૬૮.૩૧ | ૪૦૮.૩૫ |
| ઝૂ ખર્ચ | ૧૨૯.૫૯ | ૧૩૦.૫૦ |
| લોન/હપ્તા/વ્યાજ | ૮૭.૦૦ | ૫૮૭.૦૦ |
| ધિરાણ | ૬૨૦.૦૦ | ૧૩૮૫.૦૦ |
| સુરક્ષા ખર્ચ | ૬૨૦.૦૦ | ૧૦૫૦.૦૦ |
| પેટ્રોલ ડિઝલ ખર્ચ | ૬૦૦.૦૦ | ૬૦૦.૦૦ |
| અન્ય મહેસૂલી ખર્ચ | ૨૭૦૯.૦૩ | ૨૩૧૭.૦૨ |
| **કુલ મહેસૂલી ખર્ચ** | **૪૭૮૨૭.૧૧** | **૫૦૩૦૧.૮૮** |



**રાજકોટ હાફ મેરેથોન અને પ્રજાસતાક પર્વ ૨૦૧૬ની ઉજવણીના અનુસંધાને રાજકોટમાં તા.૨૪-૦૧-૨૦૧૬ના રોજ યોજાયો યાદગાર કાર્યક્રમ**

## ખ્યાતનામ મધુર કંઠીની પ્લેબેક સિંગર

# સુનિધિ ચૌહાણ

## પ્રસ્તુત

# સંગીત સંધ્યા

**સતત દોઢ-બે કલાક સુધી એક-એકથી ચડીયાતા ગીતો ગાઇને શ્રોતાઓને ઝૂમતા કરી દીધા**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રજાસતાક પર્વ-૨૦૧૬ની ઉજવણીના ભાગરૂપે તથા હાફ મેરેથોન સ્પર્ધા અંતર્ગત તા.૨૪-૧-૨૦૧૬ના રોજ સુપ્રસિધ્ધ પ્લેબેક સીગર સુનિધિ ચૌહાણ પ્રસ્તુત સંગીત સંધ્યા યોજવામાં આવેલ જેનું દિપ પ્રાગટય રાજયના વાહન વ્યવહાર, પાણી પુરવઠા, શ્રમ અને રોજગાર વિભાગના માન. મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમના અદયક્ષ સ્થાને મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ. મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઇ ભંડેરી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી ભીખાભાઇ વસોયા, ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરીયા, પુર્વ મેયર શ્રી ઉદયભાઇ કાનગડ, મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરા, પોલીસ કમિશનર શ્રી મોહન ઝા, રેન્જ શ્રી આઇ. જી. પટેલ, ડે. મેયરશ્રી ડો. દર્શીતાબેન શાહ, સ્ટે. કમિટીના ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, પૂર્વ સ્ટે. ચેરમેનશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, શ્રી કમલેશભાઇ મિરાણી, દંડક શ્રી રાજુભાઇ અઘેરા, સમાજ કલ્યાણ સમિતી ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, રાજકોટ બિલ્ડર એશો.ના પ્રમુખ શ્રી ધનશ્યામભાઇ પટેલ, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી સમીરભાઇ શાહ, બાર એસો.ના પ્રમુખ શ્રી સંજયભાઇ વ્યાસ, બાન લેબ્સના શ્રી મૌલેશભાઇ ઉકાણી, ઓસ્કાર બિલ્ડરવાળા શ્રી ધનશ્યામભાઇ તેમજ હજારોની સંખ્યામાં સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહેલ. તેમજ હાફ મેરેથોન અને સંગીત સંધ્યાને પ્રોત્સાહીત કરવા ટીવી સિરીયલ ‘‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં’’ના કલાકાર ધનશ્યામ નાયક(નટુકાકા) તથા તન્મય વેકરીયા (બાઘો) ખાસ ઉપસ્થિત રહી લોકોમાં જબરૂ આકર્ષણ જમાવ્યુ હતુ.

રાજયના માન. મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ રાજકોટમાં પ્રથમ વખત યોજાનાર હાફ મેરેથોન સ્પર્ધા અને સંગીત સંધ્યામાં પુર્વ નિર્ધારીત કાર્યક્રમને કારણે















ઉપસ્થિત રહી શકેલ નહીં જેથી માન. મુખ્યમંત્રીશ્રીએ શુભેચ્છા પાઠવેલ હતી.

આ પ્રસંગે રાજયના મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સૌરાષ્ટ્ર અને રાજકોટમાં પ્રથમ વખત યોજાયેલ હાફ મેરેથોન દોડ અને સાંજના સંગીત સંધ્યાના કાર્યક્રમ યોજવા બદલ રાજકોટ મહાનગરપાલિકાને સરકાર વતી ખુબ ખુબ અભિનંદન પાઠવેલ. તેમણે કહ્યું હતુ કે, રાજકોટ શહેરમાં સ્વ. મેયર શ્રી અરવિંદભાઈ મણિયારના સમયથી ખરા અર્થમાં શરૂ થયેલ વિકાસ યાત્રા હરણફાળ ભરી રહી છે. આ વિકાસ કૂચ અવિરત આગળ ધપાવવા શાસક પક્ષ કટિબધ્ધ છે. શહેરની બુનિયાદી સુવિધાઓનું માળખુ વધુને વધુ મજબુત બને તેની સાથોસાથ મનોરંજન, રમત - ગમત ક્ષેત્ર પણ કામગીરી કરી રહેલ છે. તે અભિનંદનને પાત્ર છે. વિશેષમાં, જણાવેલ કે, સંપુર્ણ સમસ્યા મુકત રાજકોટની કલ્પના સાકાર થાય તેવી શુભકામના પાઠવેલ હતી.

આ અવસરે મેયર શ્રી ડો. જૈમનભાઈ ઉપાધ્યાય એ રાજકોટના ઈતિહાસમાં પ્રથમ વખત એક જ દિવસે યોજાયેલ હાફ મેરેથોન સ્પર્ધા અને સંગીત સંધ્યાને ભવ્ય સફળતા બદલ નગરજનો અને તંત્રને અભિનંદન પાઠવેલ. એક જ દિવસે યોજયેલ બે કાર્યક્રમ પૈકી સવારે હાફ મેરેથોનમાં હજારોની સંખ્યામાં લોકો સ્વાસ્થ્ય માટે તેમજ સ્વચ્છતા, ટ્રાફિક સમસ્યાની જનજાગૃતિ માટે દોડયા અને સાંજે સંગીત સંધ્યામાં ગીત સંગીતને સથવારે ડોલ્યા. સવારમાં હાફ મેરેથોનની સાથે રાજકોટના નગરજનોનું સ્વાસ્થ્ય નિરોગી રહે તે માટે રેસકોર્ષમાં રૂા.૯૦૦ લાખના ખર્ચે બનાવવામાં આવેલ અધતન સિન્થેટીક એથ્લેટીક ટ્રેક, યોગા સેન્ટર, સ્કેટિંગ રિંકનું લોકાર્પણ તથા છ ટેનિસ કોર્ટનું ખાત મુહૂર્ત કરવામાં આવેલ, આ તકે મેયરશ્રીએ હાફ મેરેથોનમાં તમામને અને વિજેતા સ્પર્ધકોને હ્યદયપુર્વક અભિનંદન પાઠવી અને ખાસ જાહેરાત કરી કે, ૨૧ કિલોમીટરની હાફ મેરેથોન સમય મર્યાદામાં પુર્ણ કરનાર સ્પર્ધકોને આગામી એક વર્ષ સુધી વિના મુલ્યે એથ્લેટીક ટ્રેક પર રનીંગ પ્રેકટીસ કરવા મંજુરી આપવામાં આવશે.

આ પ્રસંગે ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત સ્ટે. કમિટી ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલએ કરેલ જયારે સમાજ કલ્યાણના વાઈસ ચેરમેન શ્રી અંજનાબેન મોરજરીયાએ પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ. કાર્યક્રમના અંતે સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન શ્રી જયમીન ઠાકરએ સૌનો આભાર વ્યકત કરેલ. આ સંગીત સંધ્યામાં પ્લેબેક સિંગર સુનિધિ ચૌહાણ દ્વારા નવા ફિલ્મી ગીતો તેમજ ગુજરાતી ગીત રજુ કરી હજારોની સંખ્યામાં ઉપસ્થિત નગરજનોને ઝુમાવ્યા હતા.

## ‘તારક મહેતા...’ ફેઈમ નટુકાકા અને બાઘાએ રંગ જમાવ્યો



સુનિધિ ચૌહાણ પ્રસ્તુત સંગીત સંધ્યાના પ્રારંભ પૂર્વે યોજાયેલ ડાયસ ફંકશન દરમ્યાન જાણીતી લોકપ્રિય ટીવી સિરીયલ ‘‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં’’ના કલાકાર ઘનશ્યામ નાયક(નટુકાકા) તથા તન્મય વેકરીયા (બાઘો) ખાસ ઉપસ્થિત રહયા હતાં અને પોતાના આગવા અંદાજમાં કેટલાક સંવાદ રજુ કરી લોકોને ખુબ હસાવીને જબરૂ આકર્ષણ જમાવ્યુ હતુ.

નટુકાકાએ તારક મહેતા સીરીયલનાં પોતાના શેઠ જેઠાલાલ કયારે પગાર વધારશે એ વિષે તથા બાઘાએ બાવરી સાથે પોતાનો લગ્ન બાબતે સંવાદ રજુ કર્યા હતાં. તેમની આ જુગલબંધીએ રેસકોર્ષ મેદાનમાં ઉપસ્થિત હજારોની સંખ્યામાં શ્રોતાજનોને ખુશ-ખુશાલ બનાવી દીધા હતાં.

# રાજકોટનાં વોર્ડ નં. ૦૫માં ૬૭માં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી



**રાષ્ટ્ર ધ્વજને સલામી આપતા માન. મેયર શ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાય**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨૬, જાન્યુઆરી, ૨૦૧૬ પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે જુદા-જુદા કાર્યક્રમો યોજવામાં આવેલ હતી. તા. ૨૬-૧-૨૦૧૬ પ્રજાસત્તાક પર્વ વોર્ડ નં. ૦૫માં રણછોડદાસ બાપુ આશ્રમ સામેના રોડ પર આવેલ મેદાન ખાતે માન. મેયર શ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાયના વરદ હસ્તે રાષ્ટ્ર ધ્વજ લહેરાવીને રાષ્ટ્ર ગાનની સૂરાવલિ સાથે સલામી આપવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરીયા, ડે. મેયરશ્રી દર્શિતાબેન શાહ, પૂર્વ સ્ટે. કમિટી ચેરમેન શ્રી નીતિનભાઇ ભારદ્વાજ, શાસક પક્ષના નેતા શ્રી અરવિંદભાઇ રૈયાણી, વિપક્ષના નેતા શ્રી વશરામભાઇ સાગઠીયા, મ્યુનિ. કમિશનર શ્રી વિજય નેહરા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન શ્રી જયમીનભાઇ ઠાકર, કોર્પોરેટર સર્વશ્રી શ્રી અનિલભાઇ રાઠોડ, શ્રી બાબુભાઇ આહિર, શ્રી અશ્વિન ભોરણીયા, શ્રી આશિષ વાગડીયા, શ્રી દક્ષાબેન ભેસાણીયા, શ્રી પ્રિતીબેન પનારા, શ્રી મુકેશભાઇ રાદડીયા, શ્રી અશ્વિનભાઇ મોલીયા, શ્રી જયોત્સનાબેન ટીલાળા, શ્રી જાગૃતિબેન ઘાડીયા, શ્રી દેવુબેન જાદવ, શ્રી સજુબેન રબારી, શ્રી રૂપાબેન શીલુ, શ્રી બીનાબેન આચાર્ય, શ્રી અંજનાબેન મોરજરીયા, શ્રી જયાબેન ડાંગર, શ્રી દુર્ગાબા જાડેજા, શ્રી મીનાબેન પારેખ, શ્રી શિલ્પાબેન જાવીયા, શ્રી વિજયાબેન વાછાણી, ડે. કમિશનર શ્રી આર. જે. હાલાણી, શ્રી સી. કે. નંદાણી, મ્યુનિ. સેક્રેટરી શ્રી હરીશભાઇ રૂપારેલીયા, આસી. કમિશનર શ્રી હર્ષદ પટેલ, કગથરા, એડી. સી. એન્જી. શ્રી ભાવેશ જોશી, આરોગ્ય અધિકારી ડો. પંડયા, ડો. પી. પી. રાઠોડ, ટાઉન પ્લાનિંગ ઓફીસર શ્રી સાગઠીયા, ચીફ ફાયર ઓફિસર શ્રી ઘેલા, ઠેબા, પર્યાવરણ અધિકારી શ્રી નિલેશ પરમાર, શ્રી પ્રજેશ સોલંકી, શ્રી તુવર તેમજ આસી. મેનેજર ડોડીયા, સુરક્ષા અધિકારી શ્રી જાડેજા તેમજ વોર્ડ નં. ૦૫નાં પ્રમુખ શ્રી જે. ડી. ભાખર, ઉપપ્રમુખ શ્રી અનિલભાઇ પરમાર, શ્રી પરેશભાઇ લીંબાસીયા, મહામંત્રી શ્રી પ્રભાતભાઇ કુગશીયા, શ્રી જગદીશભાઇ, શ્રી નરેન્દ્રભાઇ પાડલીયા, મહિલા મોરચાના શ્રી કલ્પનાબેન કિયાડા, શ્રી રસીલાબેન સાકરીયા, ઓમ શાંતિ બ્રહ્માકુમારીના શ્રી રેખાદીદી, ભાજપ અગ્રણી શ્રી અનિલભાઇ પારેખ, શ્રી ગેલાભાઇ રબારી, શ્રી મનસુખભાઇ જાદવ, શ્રી દિપકભાઇ પનારા, શ્રી દિનેશભાઇ જાવીયા, શ્રી હરિભાઇ રાતડીયા, શ્રી ગૌતમભાઇ ગોસ્વામી, શ્રી દેવજીભાઇ ખીમસુરીયા, શ્રી અરવિંદભાઇ ભેસણીયા તેમજ આ વિસ્તારના રહેવાસીઓ, વિદ્યાર્થીઓ વિગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

પ્રજાસત્તાક પર્વ - ૨૦૧૬ નિમિત્તે મેયર શ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાયએ શહેરના સૌ નગરજનો જોગ શુભેચ્છા સંદેશ પાઠવેલ. ત્યારબાદ મેયરશ્રી તથા તમામ મહાનુભાવોના હસ્તે તિરંગા કલરના રંગબેરંગી બલુન (ફુગ્ગા) ગગનમાં છોડવામાં આવેલ હતા.

પ્રજાસત્તાક પર્વ પ્રસંગે વોર્ડ નં. ૦૫નાં શ્રેષ્ઠ સફાઇ કામદાર પ્રથમ નંબરે આવેલ જયાબેન અર્જુનભાઇ સોઢા, દ્વિતીય નંબરે મોહનભાઇ શામજીભાઇ, કાંતાબેન બચુભાઇ વાઘેલા વિગેરેને મેયર શ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાય, મ્યુનિ. કમિશનર શ્રી વિજય નહેરા, ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરિયાના વરદ હસ્તે સાલ ઓઢાડી, પ્રશસ્તિ પત્ર એનાયત કરી, સન્માનિત કરેલ. આ ઉપરાંત વોર્ડ નં. ૦૫માં યોજાયેલ ૦ થી ૩ વર્ષ અને ૩ થી ૫ વર્ષના બાળકો માટેની બાળ તંદુરસ્તી હરીફાઇમાં વિજતા થયેલ પાંચ-પાંચ બાળકો હર્ષ સંચાણિયા, ઝાહલ હુંબલ, એન્જલ ગમારા, સાહિલ સોમાણી, દર્શક રાઠોડ, ઋત્વી રાઠોડ, વેદાંશ તોલાણી, પાર્થ માટીયા અને જય કવિ વિગેરેને મેયર, કમિશનર, ધારાસભ્ય, સ્ટે. કમિટીના પૂર્વ ચેરમેન શ્રી નીતિનભાઇ ભારદ્વાજ, શાસકપક્ષ નેતા શ્રી અરવિંદભાઇ રૈયાણી, વિપક્ષ નેતા શ્રી વશરામભાઇ સાગઠીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી જયમીનભાઇ ઠાકર, શ્રી અનિલભાઇ રાઠોડ વિગેરે મહાનુભાવોના વરદ હસ્તે મોમેન્ટો અર્પણ કરી બાળકો તેમજ તેમના માતાપિતાને શુભેચ્છા પાઠવેલ અને સન્માન કરવામાં આવેલ હતા.

આ અવસરે શ્રી રણછોડદાસજી પ્રાથમિક શાળા, શ્રી સરસ્વતી વિદ્યાલય, શ્રી મંગલમૂર્તિ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા ‘‘માં તુજે સલામ’’, ‘‘દેશ રંગીલા’’ અને ‘‘કંધો સે મિલતે હે કંધે’’ વિગેરે દેશભક્તિની જુદી જુદી કૃતિઓ રજુ કરી સૌને મંત્રમુગ્ધ કરેલ. બાળકો દ્વારા કૃતિ રજુ કરનાર તમામ સ્કુલને પદાધિકારીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, વિસ્તારના આગેવાનશ્રીઓ વિગેરે દ્વારા રોકડ પુરસ્કાર આપવામાં આવેલ હતુ.

વિશેષમાં વોર્ડ નં. ૦૫માં રાષ્ટ્રીય પર્વની ઉજવણી અંતર્ગત લોકડાયરો, હસાયરો, દેશભક્તિના ગીતો, સર્વ રોગ નિદાન કેમ્પ, બાળ તંદુરસ્તી હરીફાઇ, બહેનો માટેની વિવિધ હરીફાઇઓ, સફાઇ ઝુંબેશ, ફાયર ડેમોસ્ટ્રેશન, ફાયર રેલી, વૃક્ષારોપણ, સેન્ટ્રલ બ્યુટિ-ફિકેશન, વિગેરે અનેક વિધ કાર્યક્રમો કરવામાં આવેલ હતા.



પ્રજાસત્તાક પર્વ ૨૦૧૬ના અનુસંધાને વોર્ડ નં. ૦૫માં રણછોડદાસ બાપુ આશ્રમ સામેના રોડ પર આવેલ મેદાન ખાતે યોજાયેલ ધ્વજ વંદન કાર્યક્રમ દરમ્યાન શાળાના બાળકોએ દેશભક્તિની લાગણી રજુ કરતી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી સૌના મન મોહી લીધા હતાં. આ પ્રસંગે શ્રેષ્ઠ સફાઇ કામદારોને તથા બાળ તંદુરસ્તી હરીફાઇના વિજેતાઓને સન્માનીત કરવામાં આવ્યા હતાં.

## માન. મેયરશ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યાયનો પ્રજાજોગ સંદેશ



વ્હાલા નગરજનો,

૬૭માં પ્રજાસત્તાક પર્વ નિમિતે સૌ નગરજનોને હું હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ ના રોજ અંગ્રેજોની ગુલામીમાંથી ભારત સ્વતંત્ર બન્યા બાદ દેશને ખરા અર્થમાં લોકતાંત્રિક ઢબનું પુર્ણ સ્વરાજ ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ પ્રાપ્ત થયું હતું આ દિવસે ભારતને પોતાનું બંધારણ મળ્યું હતુ. બાબા સાહેબ ડો. ભીમરાવ આંબેડકરના વડપણ હેઠળની બંધારણ સભાએ તેની રચના કરી હતી. અને ત્યારથી આ દિવસને આપણુ રાષ્ટ્ર પ્રજાસતાક પર્વ તરીકે ઉજવે છે. આ પર્વ પ્રસંગે હું દેશના સ્વાતંત્ર્ય સંગ્રામ લડનારા તમામ શહીદો, સ્વાતંત્ર્ય સૈનિકો અને બંધારણના ઘડવૈયાઓને નત મસ્તક વંદન કરૂ છુ.

જોકે મને એ કહેતા જરૂર ખુશી થાય છે કે, ભારતના માનનીય વડાપ્રધાન અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એક દાયકાથી વધુ સમયના શાસનમાં ગુજરાત રાજયએ સમગ્ર દેશને વિકાસની એક નવી જ રૂપરેખાનો પરિચય કરાવ્યો છે. વિકાસને માત્ર ભૌતિક સુખ સુવિધાના દ્રષ્ટિકોણથી જ મૂલવી શકાય નહીં. ખરેખર તો પ્રત્યેક નાગરિક નિરાશામાંથી બેઠો થઇ, પ્રગતિની દિશામાં કૂચ કરવા પ્રેરાય એ જ વિકાસમંત્ર હોવો જોઇએ. તેથી માન. મુખ્યમંત્રીશ્રીએ ‘‘સૌનો સાથ, સૌનો વિકાસ’’ મંત્ર આપી, ગુજરાતને એક વિકાસશીલ રાજય તરીકે સ્થાન અપાવેલ. હાલના મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલે પણ ‘‘ગતિશીલ ગુજરાત’’ સુત્ર આપી, રાજયના વિકાસનો સિલસીલો આગળ ધપાવેલ છે. જે અંતર્ગત રાજકોટ મહાનગર--પાલિકાએ પણ વિકાસની ગતિમાં હરણફાળ ભરેલ છે. જેનાથી રાજકોટવાસીઓ વાકેફ છે.

હજુ પણ શહેરના વિકાસની પ્રક્રિયાને પુરપાટ વેગે આગળ ધપાવવી હશે અને શહેરને ખરા અર્થમાં સ્માર્ટ સિટી બનાવવું હશે તો સૌ શહેરીજનોએ આપણુ રાજકોટ સ્વચ્છ અને રળિયામણુ બને તેવી ભાવના કેળવવી પડશે.

ગત સાલ દેશના માનનીય પ્રધાન મંત્રીશ્રીએ ‘‘સ્વચ્છ ભારત મિશન’’ અને ‘‘સ્માર્ટ સિટી મિશન’’ લોન્ચ કરેલ છે. આ બંને મિશન રાષ્ટ્રની માત્ર એક નવી ભૌતિક છબી રચવા માટે જ નહીં પરંતુ સમગ્ર દેશનું સામાજિક માળખુ વધુ સંગીન બનાવવાનો તેમજ લોકોના આચાર-વિચારમાં આમૂલ પરિવર્તન લાવવાનો ઉદેશ ધરાવે છે.

રાજકોટ મહાનગરપાલિકાએ શહેરના સર્વાંગી વિકાસમાં દરેક નગરજનને સામેલ કરવા સતત પ્રયાસો કર્યા છે તે સૌ જાણે છે. અન્ય શહેરોની સરખામણીએ આપણું રાજકોટ કેટલીયે બાબતોમાં અગ્રેસર બની શકયું છે. આપણુ રાજકોટ શહેર સતત ગતિશીલ બની રહે, અને પ્રત્યેક વ્યક્તિને ‘‘આ મારૂ રાજકોટ’’ છે. તેવી ભાવનાત્મક પ્રતીતિ થાય. મહાનગરપાલિકાએ ‘‘સ્માર્ટ સિટી રાજકોટ’’ પ્રોજેક્ટ હાથ પર લઇ, શહેરના વિકાસ માટેના આવશ્યક અને મહત્વપૂર્ણ એવા તમામ ક્ષેત્રોને તેમાં આવરી લીધા છે. માત્ર રાજકોટવાસીઓ જ નહીં પરંતુ અન્ય ગામડા કે શહેરના લોકોનું મન પણ રાજકોટ શહેર મોહી લ્યે તેટલી હદે આપણા રંગીલા શહેરને વિકાસની દ્રષ્ટિએ સમૃધ્ધ બનાવવું છે.

શહેર સ્વચ્છ અને રળિયામણુ બને તે માટે ૨૮૪ ટીપર વાહનો દ્વારા સો ટકા ડોર ટુ ડોર કચરાનું એકત્રીકરણ કરવામાં આવે છે. શહેરમાંથી મોટાભાગની કચરા પેટી દૂર કરવામાં આવેલ છે. આગામી દિવસોમાં શહેરને કચરાપેટી રહિત શહેર બનાવવામાં આવશે. તે જ રીતે જાહેરમાં શૌચક્રિયાથી મુકત થાય તે માટે રાજય સરકારના સહયોગથી વ્યક્તિગત શૌચાલય બનાવવાનું કામ ગતિમાં છે. આ ઉપરાંત ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું ‘‘ઘરના ઘર’’નું સ્વપ્ન સાકાર થાય તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧૩૦૦૦ થી વધુ આવાસો ફાળવી આપેલ છે. અને મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ આશરે ૬૦૦૦ જેટલા આવાસોની કામગીરી ગતિમાં છે. તેમજ જે લોકો ઝુપડપટ્ટીમાં રહે છે. તેઓને ઝુપડાના સ્થાને સારા આવાસો બનાવી પ્રાથમિક સુવિધા સાથે પી.પી.પી. યોજના હેઠળ આવાસો બનાવવા માટેની કાર્યવાહી ચાલુ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોની સુખાકારી માટે શહેરમાં ૯૦ સિટી બસ તેમજ બી.આર.ટી.એસ. રોડ પર ૧૦ સિટી બસ ચલાવવામાં આવે છે. આ ઉપરાંત નવા બગીચાઓ, રમત-ગમતને પ્રોત્સાહિત કરવા ટેનિસકોર્ટ ફુટબોલ ગ્રાઉન્ડ, ક્રિકેટ ગ્રાઉન્ડની સુવિધા ઉભી કરેલ છે. હજુ ૨(બે) દિવસ પહેલા જ રેસકોર્ષ સંકુલ ખાતે રૂપિયા ૬(છ) કરોડના ખર્ચે અદ્યતન એથ્લેટીક ટ્રેક, ૨.૩૧ કરોડના ખર્ચે યોગા સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવેલ છે. તેમજ ૨૫ લાખના ખર્ચે છ ટેનિસ કોર્ટનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું. તેમજ સમગ્ર સૌરાષ્ટ્રમાં રાજકોટમાં સૌપ્રથમ વખત યોજાયેલ ‘‘રાજકોટ હાફ મેરેથોન’’ સ્પર્ધામાં હજારો સ્પર્ધકોએ ભાગ લઇ, શહેરને ‘‘સ્માર્ટ સિટી’’ બનાવવાના અભિયાનને અનુમોદન આપેલ છે. આગામી દિવસોમાં હજુ નવા અનેક પ્રોજેક્ટો હાથ ધરવામાં આવનાર છે. જેમ કે, ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે નવા અંડર/ઓવરબ્રિજ, નવું ઓડીટોરીયમ, સ્વીમીંગ પુલ, આંગણવાડીઓ, આરોગ્ય કેન્દ્રો બનાવવામાં આવનાર છે. પાણીની સંગ્રહ શક્તિ વધારવા ન્યારી ડેમની હાઇટ વધારવાની કામગીરી ચાલુ છે જે થોડા સમયમાં પૂર્ણ થશે. આમ, શહેરનો સર્વાંગી વિકાસ થાય અને રાજકોટ શહેર ખરા અર્થમાં સ્માર્ટ સિટી અને રળિયામણુ બને તે માટે તંત્રના પ્રયાસને સફળ બનાવવા સૌ નગરજનોનો સહયોગ મળે તે ખુબ જ આવશ્યક છે. તો ચાલો આપણે આ શુભ અવસરે સૌના સહિયારા પ્રયાસથી ‘‘મારૂ રાજકોટ, આગવુ રાજકોટ અને ગતિશીલ રાજકોટ’’ બનાવીએ. અંતમાં, ફરીને પ્રજાસત્તાક પર્વ પ્રસંગે સૌ નગરજનોને હ્રદયપુર્વકની શુભેચ્છા પાઠવુંછુ.

**ભારત માતાકી જય...**
**વંદે માતરમ્...**